મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૩૧-૦૧-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૯૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
Garvi Takat app
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### બાસણા મરચન્ટ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ પ્રોફેસરોના કથિત ત્રાસના કારણે ગળે ટુંપો ખાઈ આપઘાત કર્યો હતો

## મહેસાણા સિવિલ હોસ્પિટલમાં કોલેજના ટ્રસ્ટીને બદલે બે પ્રતિનિધી આવતાં આક્રોશિત વિદ્યાર્થીઓએ મારવા લેતાં ઉભી પૂંછડીએ ભાગ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

વિસનગરની મર્ચન્ટ હોમિયોપેથિક કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો હતો. સિવિલ હોસ્પિટલમાં પીએમ બાદ તેના મૃતદેહને પરિવારને સોંપાયો હતો. દરમિયાન સિવિલમાં કોલેજના ટ્રસ્ટીને બદલે કોલેજના ૨ પ્રતિનિધિ ત્યાં પહોંચતા વિદ્યાર્થીઓ સહિતનાએ બંનેને મારવા લીધા હતા. જેથી બંને મુઠ્ઠીવાળીને ભાગ્યા હતા. પોલીસે દરમિયાનગીરી કરીને મામલો થાળે પાડ્યો હતો.

મહેસાણા-વિસનગર હાઈવે પર બાસણા નજીક આવેલી મર્ચન્ટ હોમિયોપેથિક કોલેજમાં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય વિદ્યાર્થિની ઉર્વશી શ્રીમાળીએ પ્રોફેસરોના કથિત ત્રાસને કારણે ગઈકાલે (૨૯ જાન્યુઆરીએ) આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ પોલીસે કોલેજના આચાર્ય સહિત પાંચ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધી છે.

આ ઘટનાના વિરોધમાં આજે કોલેજના વિદ્યાર્થીઓએ રેલી યોજી મહેસાણા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું હતું અને ન્યાયની માગ કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ મહેસાણા સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ બહાર એકત્રિત થયા હતા, જ્યાં ઉર્વશીનો મૃતદેહ તેના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ પરિવારજનો દીકરીનો મૃતદેહ લઈ પોતાના વતન જવા રવાના થયા હતા.





પરિસ્થિતિ ત્યારે વણસી જ્યારે મર્ચન્ટ કોલેજના ટ્રસ્ટીઓને બદલે માત્ર બે પ્રતિનિધિઓ સિવિલ હોસ્પિટલ ખાતે હાજર થયા. આક્રોશિત વિદ્યાર્થીઓએ આ પ્રતિનિધિઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, જેને પગલે તેઓ ત્યાંથી ભાગી છૂટ્યા.

પોલીસે વચ્ચે પડી પરિસ્થિતિને કાબૂમાં લીધી અને પ્રતિનિધિઓને સુરક્ષિત રીતે ત્યાંથી રવાના કર્યા. સ્થિતિ વધુ બિચકે નહીં તે માટે વિદ્યાર્થીઓને પણ સિવિલ કેમ્પસ છોડવા માટે સૂચના આપવામાં આવી હતી.

**આ પાંચ પ્રોફેસરો સામે ફરિયાદ નોંધાઇ**

**પ્રોફેસર વિપક્ષી સુરેશરાવ વાસનીક**
**પ્રોફેસર પ્રશાંત ચાંદમલજી નુવાલ**
**પ્રોફેસર વાય ચંન્દ્રા બોસ**
**પ્રોફેસર ડો.સંજય રીથે**
**પ્રિન્સીપાલ ડો.કૈલાશ જીંગા પાટીલ**

**(તમામ રહે- હાલ બાસણા મરચન્ટ કોલેજ તા.વિસનગર જી-મહેસાણા) વિરુદ્ધ મહેસાણા તાલુકા પોલીસ મથકમાં કલમ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ ૧૦૮,૫૪ તથા એટ્રોસિટી એક્ટ કલમ ૩(૨)(૫) મુજબ ફરિયાદ નોંધાવી છે.**

### મહેશભાઈ સોમાભાઈ પટેલ મૃત્યુને લઈને સમગ્ર ગ્રામમાં શોકની લાગણી સાથે સન્નાટો ફેલાયેલો હતો

## વિસનગર તાલુકાના કડા ગામે અંતિમદર્શન માટે લોકો ઉમટ્યાં, આરોગય મંત્રી ઋષિકેશ પટેલે શ્રદ્ધાંજલિ પાઠવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

મહાકુંભના સંગમ નોઝ પર થયેલી ભાગદોડમાં ૩૦ શ્રદ્ધાળુના મોત થયાં હતા, જ્યારે ૬૦ લોકો ઘાયલ છે. એમાં એક ગુજરાતી શ્રદ્ધાળુનું દુઃખદ અવસાન થયું હતું. મૃતક મહેશભાઈ સોમાભાઈ પટેલ મૂળ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કડા ગામના વતની હતા. મહેશભાઈના મૃતદેહને તેમના વતન લાવવામાં આવ્યો હતો, જ્યાં પરિવારજનો અને ગ્રામજનો તેમના અંતિમદર્શન માટે એકત્રિત થયા હતા. જે બાદ મૃતદેહને અંતિમવિધિ માટે સિદ્ધપુર લઈ જવાયો. આ દુઃખદ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લહેર ફેલાવી દીધી છે.





આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ પણ કડા ગામે આવી પહોંચ્યાં હતા. જ્યાં તેમણે મહેશભાઈની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી અને ફૂલહાર અર્પણ કર્યો. સાથે જ ઋષિકેશ પટેલે મૃતક સાથે મહાકુંભમાં જનાર તમામ પરિવારજનો પાસેથી માહિતી મેળવી હતી.

વિસનગર તાલુકાના કડા ગામના વતની અને વર્ષોથી સુરત ખાતે રહેતા ૬૫ વર્ષીય મહેશભાઈ તેમના સમાજના લોકો સાથે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે ચાલી રહેલ મહાકુંભમાં સ્નાન કરવા માટે ગયા હતા.

જો બુધવારના રોજ મહેશભાઈનું પ્રયાગરાજ ખાતે મોત નીપજ્યું હતું. મહેશભાઈ મહાકુંભમાં અમૃતસ્નાન કરવા ગયા અને ભાગદોડમાં તેમનો જીવ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, બુધવારે (૨૯/૧/૨૫) વહેલી સવારે પ્રયાગરાજ ખાતે થયેલી ભાગદોડમાં ઘણા લોકોનાં મોત થયાં હોઈ મહેશભાઈનું મૃત્યુ આ ભાગદોડમાં થયું હોવાની વાત તેમના પરિવારજનો કહી રહ્યા છે. પરિચિતોના કહેવા મુજબ, મહાકુંભમાં ગયા ત્યારે તેમની તબિયત એકદમ ઠીક હતી.

વિસનગરથી ૯ કિલોમીટર દૂર આવેલ કડા ગામમાં ગત મધરાતે લોકો જાગી રહ્યા હતાં અને સમગ્ર ગ્રામમાં શોકની લાગણી સાથે સન્નાટો ફેલાયેલો હતો.

મૃતક મહેશભાઈનું ઘર અને ફળિયામાં સંબંધીઓ અને ગ્રામજનો એકત્રિત થયેલા હતાં.

### પોલીસ ઈન્સપેક્ટર વી.આર. વાણિયાના માર્ગદર્શન હેઠળ

## વડનગર સ્માર્ટ પોલીસ સ્ટેશનની ટીમે વોન્ટેડ આરોપીની સિપોર ગામેમાંથી ધરપકડ કરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

વડનગર પોલીસે એક મહત્વપૂર્ણ કામગીરી અંજામ આપી છે. પોલીસ ઈન્સપેક્ટર વી.આર.વાણીયાના માર્ગદર્શન હેઠળ, વડનગર સ્માર્ટ પોલીસ સ્ટેશનની ટીમે સતલાસણા પોલીસ સ્ટેશનના વોન્ટેડ આરોપીની ધરપકડ કરી છે.

એ.એસ.આઈ ચિરાગકુમાર જયંતીલાલ સહિતની પોલીસ ટીમને સિપોર ગામમાં પેટ્રોલિંગ દરમિયાન ખાનગી માહિતી મળી હતી. આ માહિતીના આધારે, સતલાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના આરોપી ઠાકોર વિજયજી વિનુજી વિરાજી (ઉંમર ૨૧, રહેવાસી: જશપુર સુલતાનપુર વાસ, તાલુકો સતલાસણા, જિલ્લો મહેસાણા)ને સિપોર ગામના બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડવામાં આવ્યો હતો.



આરોપી સામે સતલાસણા પોલીસ સ્ટેશનમાં ફૈંઈ નંબર ૧૧૨૦૬૦૬૨૨૪૦૪૨૯/૨૦૨૪ અંતર્ગત વિવિધ કલમો જેવી કે ૩૧૬(૫), ૩૧૯(૨), ૩૧૮(૪), ૩૩૬(૪), ૬૧(૨), ૨(૭) અને IT Act ની કલમ ૬૬, ૬૬(બી), ૬૬(સી) હેઠળ ગુનો નોંધાયેલો હતો. પોલીસે આરોપીને પકડીને કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ સતલાસણા પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે.

### મહાત્મા ગાંધી નિર્વાણ દિન - શહીદ સ્મૃતિ દિવસ- ૨૦૨૫

## પૂ.ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા મહેસાણા મોહિતી કચેરીના અધિકારી અને કર્મચારીઓ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

પૂ. મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્માગાંધીજીને તેમજ રાષ્ટ્ર માટે શહીદી વહોરનાર મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે પૂ.ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે સવારે ૧૧.૦૦ થી ૧૧.૦૨ વાગ્યા દરમિયાન મૌન પાળવામાં આવ્યુ હતુ.

જિલ્લામાં જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા માહિતી કચેરી, પ્રાંત ખેરાલુ , વિસનગર નગરપાલિકા, મહેસાણા તાલુકા પંચાયત, મામલતદાર કચેરી અને રમતગમત સંકુલ કચેરી સહિત



**જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે મૌન પાળવામાં આવ્યું**

જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓએ મહાત્મા ગાંધી શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે પૂ.ગાંધીજી અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે તા.૩૦ જાન્યુઆરીએ સમગ્ર દેશમાં પૂ. મહાત્મા ગાંધી નિર્વાણ દિવસે, શહીદ દિવસે મૌન પાળવામાં આવે છે. રાષ્ટ્ર માટે શહીદી વહોરનારને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.

## મહેસાણા દૂધસાગર ડેરીમાં કેમિકલ મોકડ્રીલ યોજાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

મહેસાણા પ્રાંત અધિકારીશ્રી ઉર્વિશભાઈ વાળંદના અધ્યક્ષ સ્થાને આજરોજ દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે કેમિકલ મોકડ્રીલ યોજાઈ હતી. મેજર એકસીડન્ટ યુનિટના સંભવિત ક્ષેત્ર કેમિકલ હેઝાડ ઉદભવે ત્યારે શું સાવચેતી સલામતી દાખવવી જોઈએ અને ઈમર્જન્સીમાં શું પગલાં લેવા જોઈએ એનું જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા આજરોજ સરકારની ગાઈડલાઈન મુજબ દૂધસાગર ડેરી ખાતે મોક એક્સરસાઈઝનું મહાવરો કરવામાં આવ્યો હતો.

દુધસાગર ડેરી , ડિઝાસ્ટર શાખા , જીલ્લા વહીવટી તંત્ર મહેસાણા અને એનડીઆરએફના



સંકલનથી કલેકટરશ્રી એમ.નાગરાજનના માર્ગદર્શન હેઠળ કેમિકલ મોકડ્રીલ યોજાઈ .જેમાં એમોનિયા લીકેજ થાય તો તંત્ર કેટલું સબળુ છે. તેનું ડેમોસ્ટ્રેશન કરાયુ હતું. એમોનિયા લીકેજ થાય ત્યારે શું સતર્કતા દાખવવી તે અંગે જાણકારી તેમજ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતુ.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, પોલીસ તંત્ર, ફાયરવિભાગ, આરોગ્ય વિભાગ ૧૦૮ ઈમરજન્સી સેવા , HPCL ની ફાયર ફાયટર ટીમ સ્થળ પર પહોંચી હતી. જે બાદ સ્થળ પર લીકેજ કંટ્રોલ કરવામાં આવી હતી અને ઈજાગ્રસ્ત ને એમ્બ્યુલન્સની મદદથી હોસ્પીટલ ખસેડયા હતા. જો કે આ આખી ઘટના મોકડ્રીલનો ભાગ હતો.

ઉલ્લેખનીય છે કે મહેસાણા જિલ્લો ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર છે ત્યારે કોઈ દુર્ઘટના સમયે સમગ્ર ઘટના સ્થળે યોગ્ય સમયે યોગ્ય પગલાં લેવામાં આવ્યા હોય તો આપત્તિની અસરમાં ચોક્કસ ઘટાડો કરી શકીએ મોક ડ્રિલ એનું જ એક સોપાન છે જેનું મહત્વ એ છે કે મેજર એકસીડન્ટ હેઝાર્ડ યુનિટના સંભવિત ક્ષેત્ર કેમિકલ ઉદ્ભવે ત્યારે શું સાવચેતી રાખવી અને સલામતીના પગલા રાખવા તેમજ સતત કરતા દાખવી જોઈએ એ વગેરે સંબંધિતોને સંબંધિતોને સમજાવવામાં આવે છે.

દૂધસાગર ડેરીમાં પણ એમોનિયા પ્લાન્ટમાં મોક એક્સરસાઈઝ કરવામાં આવી હતી. જેમાં તેના કર્મયોગીઓ અને સંબંધીત સર્વે વિભાગના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મોક ડ્રીલ માં મહેસાણા પ્રાંત અધિકારીશ્રી ઉર્વીશભાઈ વાળંદ, નેશનલ ડિઝાસ્ટર ફોર્સના ચીફ શ્રી અનુપમ શ્રીવાસ્તવ ચી,ફ કમાંડન્ટશ્રી એસ.એલ. પારિક , ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થના ડેપ્યુટી ડાયરેક્ટર જે.બી બોડાત તેમજ શ્રી બી.વી રાવલ, ડિઝાસ્ટર મામલતદાર શ્રી જાગૃતિબેન ચૌહાણ ,એનડીઆરએફ ના ઈન્સ્પેક્ટર તેમજ ફાયર ઓફિસર, મહેસાણા ગ્રામ્ય મામલતદારશ્રી ગૌતમભાઈ વાણીયા, દૂધસાગર ડેરીના એચઆર જી.એમ શ્રી અક્ષરભાઈ તેમજ સેફટી ઓફિસર શ્રી અને સંબંધિત કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## કૃત્રિમ બુદ્‌ધિમત્તાથી આપણને કેટલો ખતરો?

૧૮મી સદીમાં ઉદ્યોગીકરણ શરૂ થયું અને મશીનો આવ્યાં ત્યારે માનવ સભ્યતાના હજારો વર્ષોના ઈતિહાસમાં એક ક્રાંતિકારી બદલાવ આવ્યો હતો. મશીનો થાક્યા વિના, કોઈ ફરિયાદ વિના કેટલાય મનુષ્યોનું કામ એકલાં કરી લે છે. પરંતુ હવે તેમાં મોટો બદલાવ મશીનો કૃત્રિમ બુદ્‌ધિ અથવા તો એઆઇ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)થી સજ્જ થવાથી આવ્યો છે. આ ટેકનિકની શી વિશેષતાઓ છે તે હવે આપણાં ઘરોમાં આગળીના ટેરવે કામ કરતી મશીનો, એલેક્સાથી માંડીને સ્માર્ટફોન પર તમારા દ્વારા કરાતી શોધ વાંચી અને સમજીને તેને જ અનુરૂપ સામગ્રી (કન્ટેન્ટ) તમને દેખાડી રહ્યા છે. પરંતુ એઆઇ શું તેનાથી પણ આગળ જઈ શકે છે? શું તે કથિત રીતે મશીનો દ્વારા મનુષ્યોના રોજગાર હડપવાનું કારણ પણ બની શકે છે. આ દરમ્યાન ચેટજીપીટી નામનું ચેટબોટ (એક પ્રકારનું સોફ્ટવેર) રૂપે એઆઇ આવવાથી નવી આશંકાઓ પેદા થઈ ગઈ છે.

ચેટજીપીટીની સનસનાટી શું છે, તેને ટેસ્લા અને હવે ઈન્ટરનેટ મીડિયા મંચ ટ્વિટરના નવા માલિક એલન મસ્કના હાલના ટ્વીટથી સમજી શકાય છે. મસ્કે તેના વિશે ટ્વીટમાં લખ્યું છે કે ચેટજીપીટીની આ ‘નવી દુનિયા’માં કોઈપણ જલ્દી હોમવર્કને ‘અલવિદા’ કહી શકે છે. ખબર નહીં મસ્કની આ ટિપ્પણી એક મજાક છે કે વાસ્તવિક ખતરાનું એલાન, પરંતુ કેટલાક સ્થળે તેને સહજ માનવીય બુદ્‌ધિના વિકાસ માટે ઘાતક માનવાના સમાચારો છે. જેમ કે ન્યૂયોર્ક સ્થિત કેટલીક યુનિવર્સિટીઓ કહી રહી છે કે ત્યાં વિદ્યાર્થીઓને પોતાનું હોમવર્ક પૂરું કરવા માટે ચેટજીપીટીના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવાની યોજના બનાવવામાં આવી રહી છે. તેનો ઉપાય એ સૂચવવામાં આવ્યો કે વિદ્યાર્થી યુનિવર્સિટી અને સ્કૂલ-કોલેજોના સર્વર સાથે જોડાયેલ કમ્પ્યૂટરો પર ચેટજીપીટી નહીં ખોલી શકે. આ બાબતે ન્યૂયોર્કના શિક્ષણ વિભાગ દ્વારા જારી રિપોર્ટમાં કહેવાયું છે કે વિદ્યાર્થીઓના શીખવાની પ્રક્રિયા પર નકારાત્મક પ્રભાવ પડવા અને મૌલિક સામગ્રીની બૌદ્‌ધિક સુરક્ષા સંબંધિત ચિંતાઓને ધ્યાનમાં રાખતાં પબ્લિક સ્કૂલોના કમ્પ્યૂટરો માટે ચેટજીપીટી સુધી પહોંચ પ્રતિબંધિત કરી દેવામાં આવી છે. જોકે વિદ્યાર્થીઓના અંગત કમ્પ્યૂટરો અને સ્માર્ટફોન પર ચેટજીપીટી ઉપલબ્ધ રહેશે.

અહીં સવાલ એ છે કે શું ચેટજીપીટી સ્કૂલ-કોલેજના હોમવર્ક કે કઈ શોધ પ્રસ્તાવ વગેરેનો મુસદ્દે કે પરીક્ષામાં પાસ કરાવતી સામગ્રી તૈયાર કરી શકે છે અને તેને અકાદમીક કે સાહિત્યિક ચોરીના અંશ રૂપે પકડી નહીં શકાય? આ સવાલનો એક જવાબ હાલમાં ત્યારે મળ્યો, જ્યારે ડિસેમ્બર ૨૦૨૨માં એક અંગ્રેજી અખબારે સ્કૂલમાં એડમિશનની પ્રવેશ પ્રક્રિયા સંબંધિત સાહિત્યક પરિયોજના પોતાના પત્રકાર દ્વારા ચેટજીપીટીની મદદથી પૂરી કરાવી. જોકે ચેટજીપીટીએ એ પ્રોજેક્ટ માટે આપવામાં આવેલ વિષય પર બહુ સાધારણ સામગ્રી તૈયાર કરી હતી, પરંતુ જોવામાં આવ્યું કે એક એવા વિદ્યાર્થી, જેને શોધકાર્યનો કોઈ પૂર્વ અનુભવ નથી, તેને એડમિશન આપવા લાયક બી પ્લસ ગ્રેડ એ સામગ્રી પર મળી શક્યો હોત. એટલે કે ચેટજીપીટીથી કોઈ અસાધારણ સામગ્રી કે જવાબ ભલે ન મળે, પરંતુ કામચલાઉથી બહેતર પરિણામ તેનાથી મળી શકે છે. તેને જોતાં કેટલીક આઈટી કંપનીઓ અને શોધકર્તા ચેટજીપીટી જેવા એઆઇ સમર્થિત ચેટબોટ દ્વારા ઉત્પન્ન સામગ્રી (કન્ટેન્ટ-ટેક્સ્ટ)ની ધરપકડ કરવા માટે એક ઓનલાઈન પ્લેટફોર્મ બનાવવાની દિશામાં કામ કરી રહી છે. બલ્કે એક વેબસાઈટના રિપોર્ટમાં તો ત્યાં સુધી દાવો કરવામાં આવ્યો છે કે તેની સહાયતાથી ચેટજીપીટીથી ઉત્પન્ન સામગ્રીમાં સાહિત્યિક ચોરીનો અંશ અલગ કરી શકાય છે.

જોકે ગૂગલ જેવા સર્ચ એન્જિન અને વિકિપીડિયાએ માનવ બુદ્‌ધિને પડકાર આપવા અને કોઈ જ્ઞાન-માહિતીની શોધને પહેલાં જ આસાન કરી દીધું હતું. સ્કૂલો-કોલેજોના વિદ્યાર્થી અને શોધકર્તા સુદ્ધાં તેની શરણમાં જઈને પોતાના સવાલો અને જિજ્ઞાસાઓનાં સમાધાન હાંસલ કરી રહ્યા છે. પરંતુ સમસ્યા એ છે કે ગૂગલ દ્વારા પ્રદાન કરવામાં આવેલ જાણકારીને ભરોસેમંદ નથી માનવામાં આવતી. અથવા તેનાથી મળેલ પરિણામોનો દાયરો સીમિત હોય છે. ત્યાં સુધી કે ગૂગલના અનુવાદ સારા હોવા છતાં તે કોઈ ભાષાના ગૂઢ અર્થ અને ભાવાર્થનો અંદાજો લગાવવામાં નિષ્ફળ સાબિત થાય છે. આ સમસ્યાઓના નિદાન માટે સાન્ફ્રાન્સિસ્કો સ્થિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રિસર્ચ કંપની ઓપનએઆઈએ ચેટજીપીટી નામે એક ચેટબોટ વિકસિત કરીને હાલમાં જ તેને પ્રોટોટાઈપ રૂપે રજૂ કર્યો છે. આ ચેટબોટ પ્રાકૃતિક ભાષાઓ સમજી લે છે અને લગભગ મનુષ્યો જેવી પ્રતિક્રિયા આપે છે. ચેટજીપીટી પર કેટલાક શબ્દ લખીને જો એ નિર્દેશ આપવામાં આવે કે તેના આધાર પર કોઈ નિબંધ, કવિતા કે લેખ લખવામાં આવે તો તે એ પણ કરી શકે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## સીબીઆઇને બે ભાગેડુઓને ઝડપવામાં સફળતા

# ગુજરાતમાં ૭૭ કરોડનું કૌભાંડ કરી વિદેશ ભાગી જનાર શખ્સ ૨૦ વર્ષે પકડાયો

### અન્ય કિસ્સામાં ૮૭ કરોડની છેતરપિંડીનો તમિલનાડુનો ભાગેડુ શખ્સ ઝડપાયો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૦

ઈન્ટરપોલ રેડ નોટિસ અંતર્ગત થાઈલેન્ડ અને અમેરિકાથી બે ભાગેડૂને ભારત લાવવામાં આવ્યા છે. આ લોકો તમિલનાડૂ અને ગુજરાતમાં અલગ અલગ મામલામાં વોન્ટેડ હતા. સીબીઆઈએ આ ઓપરેશનને પાર પાડ્યું છે. આ ભાગેડૂમાંથી એક જનાર્થન સુંદરમ છે. જનાર્થન સુંદરમ પર પોંઝી સ્કીમ અંતર્ગત રોકાણકારો પાસેથી ૮૭ કરોડ રુપિયાથી પણ વધારેની છેતરપીંડી કરવાનો આરોપ છે.તેમણે જણાવ્યું કે, પોંઝી સ્કીમ દ્વારા રોકાણકારોને ૮૭ કરોડ રુપિયાથી પણ વધારેનો ચૂનો લગાવવાના આરોપમાં જમાર્દન સુંદરમને બેક્રોંકથી ભારત મોકલી દીધો હતો અને તમિલનાડૂ પોલીસે કોલકાતા એરપોર્ટ



પર તેની ધરપકડ કરી લીધી હતી.

તે તમિલનાડૂ પોલીસની આર્થિક અપરાધ શાખા દ્વારા ગુનાહિત ષડયંત્ર, ગુનાહિત વિશ્વાસઘાત, છેતરપીંડી, વ્યાજની ચુકવણીમાં ગરબડ, અનિયમિત જમા યોજના પ્રતિબંધ અધિનિયમ ૨૦૧૯ અંતર્ગત કરવામાં આવેલા ગુનામાં તે આરોપી હતો.

સીબીઆઈના એક પ્રવક્તાએ કહ્યું કે, સીબીઆઈએ તમિલનાડૂ પોલીસના અનુરોધ પર ૨૧ જૂન ૨૦૨૩ના રોજ ઈન્ટરોપલથી તેના વિરુદ્ધ રેડ નોટિસ જાહેર કરી હતી.

તો વળી બીજા ઓપરેશનમાં છેતરપીંડી અને ગુનાહિત કાવતરાના એક અન્ય કેસમાં ઈન્ટરપોલ તરફથી રેડ કોર્નર નોટિસ વોન્ટેડ વીરેન્દ્રભાઈ મણિભાઈ પટેલને અમદાવાદ એરપોર્ટથી ધરપકડ કરી છે. સીબીઆઈએ વીરેન્દ્ર ભાઈની વિરુદ્ધ નોટિસ જાહેર કરી હતી.

ફ્રોડના એક કેસમાં ગુજરાત પોલીસના અનુરોધ પર આરોપી વિરુદ્ધ નોટિસ જાહેર કરી હતી. ગુજરાત પોલીસે ૨૦૦૨માં ગુનાહિત ષડયંત્ર, દસ્તાવેજની હેરફેર, નકલી દસ્તાવેજોનો ઉપયોગ, છેતરપીંડી અને બેઈમાનીથી સંપત્તિ ટ્રાંસફર કરવાના મામલો નોંધ્યો હતો. વીરેન્દ્ર પટેલ પર ૭૭ કરોડનું કૌભાંડ કરવાનો આરોપ છે.

## પોલીસ પગાર લ્યે છે તો કેમ કાંઈ કામ કરતી નથી

# રસ્તા પર દબાણ-ટ્રાફિક મુદ્દે ‘કોર્ટ તિરસ્કાર’ની કાર્યવાહી કરવા ગુજરાત હાઈકોર્ટની ચીમકી

**છ - સાત વર્ષમાં વડી અદાલતના ૬૨ હુકમો છતાં ‘જૈસે થે’ની સ્થિતિ હોવાની દલીલ**

**રોડનો ૫૦ ટકા ભાગ તો દબાણકર્તાઓના જ કબ્જામાં; એક વખત હટાવાયા પછી ફરી દબાણ કેમ?**

અમદાવાદ,તા.૩૦

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ ગીતા ગોપીની ખંડપીઠે શહેરમાં જાહેર રસ્તાઓ પર લારી-ગલ્લાવાળા, પાથરણાંવાળા સહિતના દબાણો અને ટ્રાફિકની સર્જાયેલી સમસ્યા બાબતે સત્તાધીશો વિરૃદ્ધ કેમ ચાર્જ ફ્રેમ કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને સ્થાનિક પોલીસ, ટ્રાફિક પોલીસ સહિતના સત્તાધીશોને ફટકાર લગાવતાં જણાવ્યું કે, પોલીસ પગાર)મેળવતી હોવાછતાં કોઈ કામગીરી જ કરતી નથી અને મૂકપ્રેક્ષક બની તમાશો જોયા કરે છે.

શહેર સહિત રાજયભરમાં રખડતા ઢોરો, બિસ્માર રસ્તા, ટ્રાકિક-માર્ગો ફુટપાથ પર ગેરકાયદે પાર્કિંગ મુદ્દે એડવોકેટ દ્વારા હાઈકોર્ટ સમક્ષ કરાયેલી કન્ટેમ્પ્ટ પિટિશનમાં આજે ગુજરાત હાઈકોર્ટે સખત નારાજગી વ્યકત કરી હતી. પોલીસ અને અમ્યુકો સત્તાવાળાઓને ફટકાર લગાવી જારી. હાઈકોર્ટે વધુ એક વખત કામગીરીનો રિપોર્ટ રજૂ કરવાની તક આપી હતી અને વધુ સુનાવણી તા.૬ઠ્ઠી ફેબ્રુઆરીએ રાખી હતી.

આજે કેસની સુનાવણી દરમ્યાન અરજદારે અદાલતને જણાવ્યું કે, છેલ્લા છ-સાત વર્ષથી આ કેસની સુનાવણી ચાલે છે.



અત્યારસુધીમાં ૧૦૨ સુનાવણીઓ અને ૬૨ જેટલા હાઈકોર્ટ દ્વારા હુકમો કરાયા છે છતાં સત્તાવાળાઓ દ્વારા તેનું અસરકારક પાલન કરાવાયુ નથી.

ઉલ્ટાનો ગેરકાયદે દબાણો, ગેરકાયદે પાર્કિંગ સહિત તમામ મુદ્દે હાઈકોર્ટના આદેશોનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે, તેથી હાઈકોર્ટે હવે કસૂરવાર અધિકારીઓ અને સત્તાવાળાઓ વિરૃધ્ધ ચાર્જફ્રેમ કરી અદાલતી તિરસ્કારની કાર્યવાહી આગળ ધપાવવી જોઈએ.

હાઈકોર્ટે સાફ શબ્દોમાં જણાવી દીધું હતું કે, છેલ્લા છ વર્ષથી અદાલતના આદેશોનાં તિરસ્કાર કરવાની અને અમલ નહિ કરવાનો આ કેસ ચાલે છે અને કેસની સુનાવણી હોય ત્યારે સત્તાવાળાઓ દેખાડવા માટે કામ કરે છે. હવે જાણે સત્તાવાળાઓ રૃટીન પ્રક્રિયા સમજી હળવાશથી લઈ રહ્યા છે.

આ કેસમાં કાનૂની સેવા સત્તામંડળ પાસેથી બે વખત રિપોર્ટ પણ મંગાવ્યા છે. શહેરમાં આજે એ હદે ગંભીર પરિસ્થિતિ છે કે, જાહેર રસ્તાઓ લારી-ગલ્લાવાળા, પાથરણાંવાળા અને કાયમી દબાણોએ કબ્જે કરી લીધા છે. લગભગ ૫૦ ટકા રોડ તો આ લોકો કબ્જે કરી લે છે. એક વખત દબાણો હટાવ્યા પછી પાછા ના આવે એ પ્રકારની આકરી અને પરિણામલક્ષી કામગીરી કરો.

હાઈકોર્ટે જણાવ્યું કે, અમે નજરે જોયુ છે કે, જાહેર રોડ પરના દબાણોના કારણે ટ્રાફિક જામ થઈ ગયો હોય તો પણ ટ્રાફિક પોલીસની જીપ ત્યાં જ હતી છતાં પોલીસ જવાને જીપમાંથી ઉતરવાની તસ્દી સુધ્ધાં લીધી નહી.

પોલીસ આંખો બંધ કરીને જાણે બેસી રહી છે તો અદાલત કસૂરવાર અધિકારીઓ વિરૃધ્ધ કેમ ચાર્જ ફ્રેમ ના કરે. કારણ કે, પોલીસ હોય કે કોર્પોરેશન..ઉચ્ચ અધિકારીઓની એ જોવાની ફરજ છે કે, તેમના તાબાના અધિકારીઓ, કર્મચારીઓ કે જવાનો યોગ્ય અને અસરકારક રીતે ફરજ નિભાવી રહ્યા છે કે નહી.

જસ્ટિસ એ.એસ.સુપહીયાએ સત્તાવાળાઓની ઝાટકણી કાઢતાં અને પોતાનો એક કડવો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે, રસ્તા કે ફુટપાથ પરથી એક વખત દબાણો દૂર કર્યા પછી ત્યાં ને ત્યાં જ લોકો બેસી જાય છે અને દબાણો કરી દે છે. તેઓ એક બ્રિજ બની રહ્યો હતો તે જંકશન પરથી પસાર થઈ રહ્યા હતા.

ત્યારે ટ્રાફિક ચક્કાજામ હતો એટલે તેઓ ગાડીમાંથી નીચે ઉતર્યા અને ત્યાં બાજુમાં ટ્રાફિક પોલીસની કેબીન હતી તેમણે જઈને જોયુ તો, એક ટ્રાફિક જવાન કેબીનમાં મોબાઈલ જોઈ રહ્યો હતો પરંતુ તેણે ટ્રાફિક ખુલ્લો કરવાની તસ્દી સુધ્ધાં લીધી નહોતી. ગ્રાઉન્ડ પર તમારા કોન્સ્ટેબલ અને જવાનો કામ કરતા નથી.

જો તમે કાયદાનું અસરકારક પાલન કરાવી ના શકતા હોવ તો જો તેઓ તેમની ફરજ યોગ્ય રીતે બજાવતા ના હોય તો તેમને કેમ પગાર અપાય છે...?? ના હોય તો કોઈ એજન્સીને કામ સોંપી દો.

## પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભમેળામાં ફિલ્મી સ્ટોરી જેવી ઘટના


# ૨૭ વર્ષ પહેલા ગુમ થયેલા પતિને અઘોરીના રૂપમાં જોઈ પત્ની ચોંકી ઉઠી, અઘોરીએ કહ્યું - હું એ નથી

પ્રયાગરાજ,તા.૩૦

બોલિવૂડ ફિલ્મોમાં કુંભ મેળામાં ખોવાયેલા અને પછી મળ્યા હોય તેવી અનેક વાર્તાઓ તમે જોઈ હશે. હાલ ચાલી રહેલા કુંભ મેળામાં પણ આવી જ એક વાર્તા પ્રકાશમાં આવી છે, પરંતુ અહીં પરિવારનો કોઈ સભ્ય અલગ થયો નથી પરંતુ ખોવાયેલો વ્યક્તિ મળી ગયો છે.

હકીકતમાં, ઝારખંડના એક પરિવારે બુધવારે દાવો કર્યો હતો કે, તેમને પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભ મેળામાં તેમના ખોવાયેલા સંબંધીને મળી ગયો છે અને આ સાથે, ૨૭ વર્ષથી ચાલી રહેલી શોધનો હવે અંત આવ્યો છે.

પરિવારનું કહેવું છે કે, ૧૯૯૮ માં ગુમ થયેલા ગંગાસાગર યાદવ હવે ’અઘોરી’ સાધુ બની ગયા છે, જે બાબા રાજકુમારના નામથી જાણીતા છે.



તેમની ઉંમર ૬૫ વર્ષ છે. ૧૯૯૮માં પટના ગયા પછી ગંગાસાગર અચાનક ગુમ થઈ ગયા અને તેમના કોઈ સમાચાર મળ્યા નહીં. તેમની પત્ની ધનવા દેવીએ એકલા હાથે તેમના બે પુત્રો, કમલેશ અને વિમલેશનો ઉછેર કર્યો.

ગંગાસાગરના નાના ભાઈ મુરલી યાદવે કહ્યું, ’અમે અમારા ભાઈના પાછા મળવાની આશા છોડી દીધી હતી, પરંતુ તાજેતરમાં અમારા એક સંબંધીએ કુંભ મેળામાં એક સાધુને જોયો જે ગંગાસાગર જેવો દેખાતો હતો.’ તેણે તેનો ફોટો લીધો અને અમને મોકલ્યો. ફોટો જોયા પછી, અમે તરત જ ધનવા દેવી અને તેમના બે પુત્રો સાથે કુંભ મેળામાં પહોંચી ગયા.

પરિવારનો દાવો છે કે, તેઓ તેમના ગંગાસાગર યાદવને બાબા રાજકુમાર તરીકે ઓળખતા હતા, પરંતુ સાધુએ તેમની જૂની ઓળખનો સંપૂર્ણપણે ઈનકાર કર્યો હતો. બાબા રાજકુમારે પોતાને વારાણસીના સંત ગણાવ્યા અને કહ્યું કે તેમનો ગંગાસાગર સાથે કોઈ સંબંધ નથી. તેમની સાથે હાજર એક સાધ્વીએ પણ આ વાતને સમર્થન આપ્યું.

જોકે, પરિવારે તેમના શરીર પર હાજર કેટલાક ખાસ ઓળખ ચિહ્નોના આધારે દાવો કર્યો હતો કે તે ગંગાસાગર હતો. પોતાના લાંબા દાંત, કપાળ પર ઈજાના નિશાન અને ઘૂંટણ પર જૂનો ઘા બતાવતા તેમણે કહ્યું કે આ એ જ વ્યક્તિ છે. પરિવારે આ મામલે કુંભ મેળા પોલીસની મદદ માંગી છે અને ડીએનએ ટેસ્ટની માંગ કરી છે જેથી વ્યક્તિની વાસ્તવિક ઓળખ સાબિત થઈ શકે.

ભાઈ મુરલી યાદવે કહ્યું, ’આપણે કુંભ મેળો પૂરો થાય ત્યાં સુધી રાહ જોઈશું.’ જો જરૂર પડશે તો અમે ડીએનએ ટેસ્ટ કરાવીશું અને સત્ય બહાર લાવીશું. જો પરીક્ષણમાં અમારો દાવો ખોટો સાબિત થશે તો અમે બાબા રાજકુમારની માફી માંગીશું. હાલમાં, પરિવારના કેટલાક સભ્યો ઘરે પરત ફર્યા છે, પરંતુ કેટલાક હજુ પણ કુંભ મેળામાં હાજર છે અને બાબા રાજકુમાર પર નજર રાખી રહ્યા છે.ગંગાસાગરના ગુમ થયા પછી, તેમનો પરિવાર ખૂબ જ શોકમાં ડૂબી ગયો. તે સમયે તેમનો મોટો દીકરો ફક્ત બે વર્ષનો હતો. હવે જોવાનું એ રહે છે કે ડીએનએ ટેસ્ટથી સત્ય બહાર આવશે કે પછી આ પરિવાર ખરેખર કોઈ ગેરસમજનો શિકાર બન્યો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે કોઈ સ્વજનની વાતથી દિલ દુખાશે અને મનોમન ઘણી તકલીફ થવાની છે. કામને લઈને મન ઘણુ ખિન્ન રહેવાનુ છે.

**વૃષભઃ** વૃષભ ઘરમાં ઉત્સવ જેવો માહોલ રહેશે, તમે પોતાની સફળતા પર ઘણા ખુશ રહેશો તો મહેમાનોના આવવાથી ઘરમાં કામ પણ વધુ રહેશે.

**મિથુનઃ** કોઈની કહેલી વાતની દિલ દિમાગ પર અસર રહેશે, મનોમન તમે કોઈને પસંદ પણ કરવા લાગશો. કામ પર ફોકસ કરો, સફળતા જરૂર મળશે.

**કર્ક** કામને લઈને આજે સહયોગીઓ સાથે ઝડપ થઈ શકે છે માટે વાણી પર કંટ્રોલ રાખો અને સકારાત્મક રહેવાની કોશિશ કરો.

**સિંહ** કોઈની વાત તમને દુઃખી-પરેશાન કરી શકે છે માટે લોકોની વાતોને ઈગ્નોર કરવાનુ શીખો કારણકે લોકોની કડવી વાતો માત્ર દુઃખ જ આપે છે.

**કન્યા** તમારા ઘરે આજે કોઈ નવુ મહેમાન આવી શકે છે. અપરિણીતોના લગ્નની વાત થઈ શકે છે. વળી, ઘરની સજાવટ માટે તમે અમુક શોપિંગ કરી શકો છો.

**તુલા** કામ અને ઘરના લોકોને લઈને તમે ખિન્ન રહી શકો છો. મન ઘણુ દુઃખી રહેશે અને માટે તમે નિરાશ અને હતાશ પણ રહેવાના છો.

**વૃશ્ચિક** આજે બાળકો સાથે સમય પસાર કરશો, કોઈ પણ વસ્તુને લઈને તમે પ્લાનિંગ પણ કરી શકો છો. તહેવારની સિઝન છે માટે પરિવાર પર ખર્ચો પણ કરી શકો છો.

**ધન** આજે પ્રેમી-પ્રેમિકાઓનો દિવસ છે. આજે પ્રેમથી દિવસ પસાર કરો અને ખુશ રહેવાનો પ્રયત્ન કરો. સારી બિઝનેસ ડીલ થઈ શકે છે.

**મકર** આજે તમે ખુદને સમય આપો, તમારા આરામની જરૂર છે. પતિ-પત્ની પણ સાથે સમય પસાર કરે આનાથી બંનેને ખુશી મળશે.

**કુંભ** ઘરમાં કામ કરાવી શકો છો. સજાવટની વસ્તુઓ પર આજે પૈસા ખર્ચ થવાના છે. બહાર જવાનુ પણ પ્લાનિંગ તમે કરી શકો છો.

**મીન** તબિયત પર મોસમની અસર જોવા મળી શકે છે. પોતાનુ ધ્યાન રાખો. આજે જૂના દોસ્ત સાથે મુલાકાત થશે જેનાથી દિલ ખુશ થશે.

## ફિલ્મી ગપશપ

**વિકી કૌશલ અભિનિત ફિલ્મ છાવાના દિગ્દર્શકે વિવાદને કારણે ડાન્સ સીન્સ ડિલીટ કર્યો**

### રાજ ઠાકરે સાથેની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો : દિગ્દર્શકે કહ્યું કે મરાઠા રાજાનાં વારસાથી મોટું કંઈ નથી

મુંબઈ : છાવાના દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકરે આજે પુષ્ટિ કરી હતી કે આ ફિલ્મમાં સંભાજી મહારાજ તેમની પત્ની મહારાણી યેસુબાઈ સાથે લેઝિમ ડાન્સનો સીન ડીલીટ કર્યો છે. એમએનએસ પ્રમુખ રાજ ઠાકરે સાથેની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. એક સત્તાવાર નિવેદનમાં, ઉતેકરે કહ્યું કે તે માત્ર એક નૃત્ય ક્રમની બાબત છે અને મરાઠા રાજાનાં વારસાથી મોટું કંઈ નથી. છાવા સ્ટાર્સ એક્ટર વિકી કૌશલ પ્રખ્યાત મરાઠા યોદ્ધાની ભૂમિકા ભજવી રહ્યો છે.

ફિલ્મનું ટ્રેલર ગયાં અઠવાડિયે મુંબઈમાં રિલીઝ કરવામાં આવ્યું હતું. ડિરેકટરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ×હું રાજ ઠાકરેને મળ્યો છું. તેઓ એક ઉત્સુક વાચક અને અભ્યાસી વ્યક્તિ છે. તેથી મેં તેમની પાસેથી કેટલાક સૂચનો અને માર્ગદર્શનો લીધાં છે. અને હું કહી શકું છું કે, તેમનાં શબ્દો મારા માટે ખૂબ જ ઉપયોગી થયાં છે. અને તેમને મળ્યાં પછી મેં તે સીન કાઢી નાખવાનો નિર્ણય કર્યો છે. તે દ્રશ્યો જ્યાં અમે સંભાજી મહારાજને લેઝિમ ડાન્સ રમતાં દર્શાવ્યા છે તેને અમે ફિલ્મમાંથી ડીલીટ કર્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે વિકી અને રશ્મિકા મંદન્નાનો ડાન્સ સિક્વન્સને ફિલ્મમાંથી કાઢી નાખવામાં આવશે. ‘લેઝીમ ડાન્સ એ કોઈ મોટી વાત નથી. સંભાજી મહારાજ તે લેઝીમ ડાન્સ કરતાં ઘણાં મોટા છે. તેથી અમે તે દ્રશ્યો ફિલ્મમાંથી હટાવવા જઈ રહ્યાં છીએ.

છાવા એ જ નામનાં લેખક શિવાજી સાવંતના પુસ્તક પર આધારિત છે. આ ફિલ્મ સંભાજી મહારાજની બહાદુરી અને તેઓ છત્રપતિ બન્યાં પછીનાં તેમનાં શાસનની વાર્તા પર પ્રકાશ પાડે છે. ઉતેકરે શેર કર્યુ કે તેઓએ ફિલ્મમાં સંભાજીની કલ્પના ૨૦ વર્ષના છોકરા તરીકે કરી હતી. દિગ્દર્શકે વધુમાં મહારાષ્ટ્રનાં કેટલાક મંત્રીઓની ચિંતાઓને સ્વીકારી, ઈતિહાસકારોને તેની રિલીઝ પહેલાં ફિલ્મ જોવાનો આગ્રહ કર્યો. ઉતેકરે કહ્યું કે ×અમે ૨૯મી જાન્યુઆરીએ એક ખાસ પ્રીમિયર શોનું આયોજન કર્યું છે. કેટલાક ઈતિહાસકારો અને ઈતિહાસનો અભ્યાસ કરતાં લોકો આ ફિલ્મ જોશે અને અમે તેમનું માર્ગદર્શન લઈશું.’

અગાઉ, રાજ્યસભાના સાંસદ સંભજીરાજે છત્રપતિ, જેઓ છત્રપતિ શિવાજી મહારાજનાં વંશજ પણ છે, તેમણે સૂચન કર્યુ હતું કે નિર્માતાઓએ ઈતિહાસકારોને તેમની ફિલ્મ તેની રિલીઝ પહેલાં જોવાની ફરજ પાડવી જોઈએ. તેમણે કહ્યું કે હું તેની રિલીઝ પહેલાં આખી ફિલ્મ જોવા માંગુ છું. મેં તેમને અચોક્કસતાઓને દૂર કરવા માટે ઈતિહાસકારો સાથે જોડવાની પણ ઓફર કરી હતી જેથી કરીને આ મહત્વપૂર્ણ વાર્તા વિશ્વભરનાં પ્રેક્ષકો સમક્ષ અધિકૃત રીતે રજૂ કરવામાં આવે.મહારાષ્ટ્રનાં મંત્રી ઉદય સામંતે પણ ડાન્સ સિક્વન્સ સામે વાંધો ઉઠાવ્યો હતો અને છાવાની રિલીઝ સામે એક્સ પર એક નોંધ શેર કરી હતી. તેમણે લખ્યું છે કે, ×આ આનંદની વાત છે કે ધર્મનાં રક્ષક અને સ્વતંત્રતાના રક્ષક છત્રપતિ સંભાજી મહારાજનાં જીવન પર આધારિત હિન્દી ફિલ્મ બની રહી છે. વિશ્વને છત્રપતિનો ઈતિહાસ સમજાય તે માટે આવા પ્રયાસો જરૂરી છે. જો કે, આ ફિલ્મમાં કેટલાક વાંધાજનક દ્રશ્યો હોવાનો અમારો મત છે કે આ ફિલ્મને નિષ્ણાતો અને જાણકાર લોકોને બતાવ્યાં વિના રિલીઝ ન કરવી જોઈએ.

તે દરમિયાન, દિગ્દર્શકે તેમનાં નિવેદનમાં પુષ્ટિ કરી હતી કે ફિલ્મ શેડ્યૂલ મુજબ સ્ક્રીન પર આવશે. છાવા, જેમાં અક્ષય ખન્ના, આશુતોષ રાણા, ડાયના પેન્ટી અને દિવ્યા દત્તા પણ છે જે ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થઈ રહી છે.

### કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીઅમિત શાહે નવી દિલ્હીમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી

# ગુજરાત સરકારે ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં તમામ કમિશનરેટમાં અને રાજ્યભરમાં શક્ય તેટલી વહેલી તકે નવા ફોજદારી કાયદાઓનો અમલ સુનિશ્ચિત કરવો જોઈએ

**૧૦ વર્ષથી વધુ સજાવાળા કેસોમાં ૯૨% થી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરીને ગુજરાતે પ્રશંસનીય કાર્ય કર્યું છે**

**ગુજરાતની ફોરેન્સિક ક્રાઈમ મેનેજર પહેલને અન્ય રાજ્યોએ પણ અપનાવવી જોઈએ**

**ગુજરાત સરકારે ઝીરો એફઆઈઆરને ૧૦૦% એફઆઈઆરમાં રૂપાંતરિત કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું**

**ગુજરાત હાઈકોર્ટે તમામ ગૌણ અદાલતોને ઈ-પ્રક્રિયાઓ જારી કરવા માટે નિર્દેશો આપીને સારી પહેલ કરી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગુજરાતમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ફોરેન્સિક સંબંધિત વિવિધ નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી, કેન્દ્રીય ગૃહ સચિવ, મુખ્ય સચિવ અને ગુજરાતના પોલીસ મહાનિર્દેશક, રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યુરો (NCRB)ના મહાનિર્દેશક અને કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારના અનેક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં ચર્ચા દરમિયાન, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા લાવવામાં આવેલા ત્રણ નવા ફોજદારી કાયદાઓનો આત્મા ત્રણ વર્ષમાં FIR થી સુપ્રીમ કોર્ટ સુધીના કોઈપણ કેસમાં ન્યાય આપવાની જોગવાઈમાં છે. નવા ફોજદારી કાયદાઓના અમલીકરણમાં ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરતા, શ્રી શાહે રાજ્ય સરકારને ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં તમામ કમિશનરેટમાં નવા કાયદાઓનો ૧૦૦ ટકા અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું. તેમણે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા માસિક, રાજ્યના ગૃહ મંત્રી દ્વારા પખવાડિયામાં અને મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) અને પોલીસ મહાનિર્દેશકના સ્તરે સાપ્તાહિક સમીક્ષા થવી જોઈએ.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે ગુજરાતે ૧૦ વર્ષથી વધુ સજાવાળા કેસોમાં ૯૨ ટકાથી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે બાકીના કેસોમાં કોર્ટ પાસેથી પરવાનગી લેવાની જોગવાઈનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે કાયદાની સમીક્ષા કરવી જોઈએ. ગૃહ મંત્રીએ કહ્યું કે ગુજરાતે ઝીરો એફઆઈઆરને ૧૦૦% એફઆઈઆરમાં રૂપાંતરિત કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે એવી સિસ્ટમ બનાવવી જોઈએ જેમાં ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ (CCTNS) દ્વારા બે રાજ્યો વચ્ચે FIR ટ્રાન્સફર કરી શકાય. ગુજરાતે CCTNS ૨.૦ અપનાવવું જોઈએ.

નવા કાયદાઓમાં ઈલેક્ટ્રોનિક પુરાવાની જોગવાઈ અંગે ગૃહ મંત્રીએ




કહ્યું કે તેના યોગ્ય અમલીકરણ માટે, રાજ્યના ગૃહ અને આરોગ્ય વિભાગે એક બેઠક યોજવી જોઈએ અને હોસ્પિટલોમાંથી પોસ્ટમોર્ટમ અને અન્ય તબીબી અહેવાલો ઈલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા પર ભાર મૂકવો જોઈએ. શ્રી શાહે કહ્યું કે જેલ, સરકારી હોસ્પિટલો, બેંકો, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) વગેરે જેવા પરિસરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પુરાવા રેકોર્ડ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ. તેમણે કહ્યું કે જેલોમાં દરેક કોર્ટ માટે વિડીયો કોન્ફરન્સિંગ ક્યુબિકલ હોવું જોઈએ.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે પોલીસે ઈલેક્ટ્રોનિક ડેશબોર્ડ પર પૂછપરછ માટે અટકાયતમાં લેવાયેલા લોકો વિશેની માહિતી, જપ્તી યાદી અને કોર્ટમાં મોકલવામાં આવેલા કેસોની માહિતી પ્રદાન કરવી જોઈએ. તેમણે રાજ્યના પોલીસ મહાનિર્દેશકને આ કેસોનું સતત નિરીક્ષણ કરવાનો નિર્દેશ પણ આપ્યો. શ્રી શાહે પોલીસ સ્ટેશનોમાં નેટવર્ક કનેક્ટિવિટી સ્પીડ નિર્ધારિત ધોરણો કરતાં ૩૦ mbps વધુ વધારવા જણાવ્યું.

શ્રી અમિત શાહે કહ્યું કે રાજ્ય સરકારે એક પરિપત્ર બહાર પાડવો જોઈએ જેથી ખાતરી કરી શકાય કે સંગઠિત અપરાધ, આતંકવાદ અને મોબ લિંચિંગની જોગવાઈઓનો દુરુપયોગ ન થાય. આ માટે ઉચ્ચ સ્તરે પરવાનગી માટે કડક જોગવાઈઓ કરવી જોઈએ. તેમણે કહ્યું કે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતામાં ગેરહાજરીમાં ટ્રાયલની જોગવાઈ કરવામાં આવી છે જેના હેઠળ ભાગેડુ ગુનેગારો સામે કાર્યવાહી કરી શકાય છે. રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત કેસોમાં લાંબા સમયથી દેશમાંથી ફરાર આરોપી ભાગેડુઓ સામે ગેરહાજરીમાં ટ્રાયલ શરૂ થવી જોઈએ.

ગૃહ મંત્રીએ દરેક જિલ્લામાં બે થી વધુ ફોરેન્સિક સાયન્સ મોબાઈલ વાન ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે મોબાઈલ ફોરેન્સિક વાનમાં વપરાતી બધી ૧૨ કીટ ભારતમાં જ બનાવવામાં આવે તે માટે પ્રયાસો કરવા જોઈએ. શ્રી શાહે કહ્યું કે ગુજરાત દ્વારા ફોરેન્સિક ક્રાઈમ મેનેજર પહેલને અન્ય રાજ્યોએ પણ અપનાવવી જોઈએ. આ ઉપરાંત, પેન્ડિંગ ફોરેન્સિક કેસોનો ઉકેલ ઝુંબેશ ચલાવીને લાવવા જોઈએ. ફોરેન્સિક નિષ્ણાતોની ભરતી પર ભાર મૂકતા, તેમણે ફોરેન્સિક વિભાગમાં ખાલી જગ્યાઓ પર વહેલી તકે ભરતી સુનિશ્ચિત કરવા જણાવ્યું.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તમામ ગૌણ અદાલતોને ઈ-પ્રક્રિયાઓ જારી કરવા માટે નિર્દેશો જારી કર્યા છે, જે એક સારી પહેલ છે. તેમણે કહ્યું કે અન્ય રાજ્યોમાં પણ આ માટે પ્રયાસો કરવા જોઈએ. શ્રી શાહે ડિરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશનમાં ખાલી જગ્યાઓ પર શક્ય તેટલી વહેલી તકે ભરતી સુનિશ્ચિત કરવા જણાવ્યું. ગૃહ મંત્રીએ કહ્યું કે તાલીમમાં ન્યાયિક અધિકારીઓનો પણ સમાવેશ થવો જોઈએ અને તાલીમનું આયોજન ન્યાયિક એકેડેમી સાથે સંકલનમાં થવું જોઈએ.

---

**એસ.ટી. નિગમે ગવર્મેન્ટ પાસે મંજૂરી માંગી : એકાદ - બે દિવસમાં નિર્ણય : એમ.ડી.**

## રાજકોટ, સુરત અને વડોદરાથી પણ ‘કુંભ’માં જવા ‘વોલ્વો’ શરૂ કરવા સરકારને દરખાસ્ત

(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૦

તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા પવિત્ર મહાકુંભમાં લોકો સરળતાથી અને સસ્તા દરે જઈ શકે તે માટે એસ.ટી. નિગમની ‘વોલ્વો’ બસો શરૂ કરવામાં આવી છે. ખાસ રૂા.૮૧૦૦નાં પેકેજ સાથેની આ બસોનું એક માસનું બુકીંગ ૨૪ કલાકમાં જ થઈ ગયું હતું.

દરમ્યાન આ પ્રકારની વોલ્વો બસો રાજકોટ, સુરત અને વડોદરાથી પણ શરૂ કરવા માટે વ્યાપક ડિમાન્ડ અને ઈક્વાયરી થઈ રહી છે. જેનાં પગલે એસ.ટી. નિગમનાં સત્તાવાળાઓએ રાજકોટ, સુરત અને વડોદરાથી પણ એસ.ટી.ની વોલ્વો




બસો શરૂ કરવા માટે સરકારમાં દરખાસ્ત કરી છે.કુંભ માટે બસો ચાલુ કરવા મંજૂરી માંગી છે. ત્યારે આ અંગે એકાદ બે દિવસ બાદ કોઈ નિર્ણય લેવાય તેવા નિર્દેશો એસ.ટી. નિગમના એમ.ડી. અનુપમ આનંદે એક વાતચિત દરમ્યાન આપેલ હતો.

તેઓએ જણાવેલ હતું કે, હાલમાં જ કુંભમાં જે દુર્ઘટના ઘટી છે. તે બાદની હાલની સ્થિતિનો તાગ મેળવાઈ રહ્યો છે. અને રાજકોટ, સુરત, તથા વડોદરાથી પણ કુંભમાં જવા માટે વોલ્વો શરૂ કરવા સરકાર હકારાત્મક છે. ત્યારે આ બાબતે એકાદ-બે દિવસમાં જ બસો અંગે નિર્ણય લેવાય તેવી શકયતા છે.

---

**અમદાવાદ, સુરત, વાપી અને વ્યારામાં જી.એસ.ટી વિભાગે દરોડા પાડયા હતા**

## કેમિકલ, રમકડા, ગિફ્ટ આર્ટીકલ્સ, બ્યુટીપાર્લર, ઈલેક્ટ્રોનિક્સ, સહિતનાં ૧૪ વેપારીને ત્યાંથી ૯.૧૧ કરોડની કરચોરી ઝડપાઈ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૦

સ્ટેટ જીએસટી વિભાગની એન્ફોર્સમેન્ટ વિંગએ કેમિકલ્સ, રમકડા, ગિફ્ટ આર્ટીકલ્સ, ઈલેક્ટ્રોનિકસ, બ્યુટીપાર્લર અને મેન પાવરનાં ૧૪ વેપારીઓને ત્યાં હાલમાં જ દરોડા પાડયા હતા.અને તપાસનાં અંતે તંત્રએ કુલ રૂ.૯.૧૧ કરોડની કરચોરી ઝડપી લીધી છે.

જી.એસ.ટી.તંત્રએ અમદાવાદ, સુરત, વાપી, અને વ્યારાનાં વેપારીઓને ત્યાં દરોડા પાડી કરચોરી અંગે તપાસો હાથ ધરી હતી.




આ અંગે જીએસટી વિભાગનાં જણાવ્યા મુજબ કરચોરી એટલે કે બિલ વિનાના થતા વેચાણો અટકાવવા માટે ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા તાજેતરમાં કેમીકલ્સ, ગીફટ આર્ટીકલ્સ, અને રમકડા, ઈલેકટ્રોનીકસ, બ્યુટી પાર્લર, અને મેન પાવર સહિત વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કુલ ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવેલ હતાં.

૧૪ વેપારીઓ પૈકી ૮ વેપારીઓ અમદાવાદમાં ૩, વેપારીઓ સુરતમાં ૨ વેપારીઓ વાપીમાં તથા ૧ વેપારી વ્યારામાં આવેલ હતાં. તપાસ દરમિયાન બિનહિસાબી વેચાણ અને વેરાની ઓછી જવાબદારી દર્શાવવા જેવી ગેરરીતિઓ ધ્યાનમાં આવેલ હતી.અને અંદાજીત રૂ..૯.૧૧ કરોડની કરચોરી શોધી કાઢવામાં આવી હતી.

રાજય કર વિભાગ દ્વારા આ કેસમાં સરકારી આવકના રક્ષણ અને વસૂલાત માટે યોગ્ય કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---

## માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર, શહેર, દેશ, મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ સ્વભાવ બદલી શકતો નથી..



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સાધના મનને કાબૂમાં રાખવાની છે.જેનું મન નિયંત્રણમાં નથી તે લાચાર છે.શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન ને કહે છે કે આ મન ખૂબ ચંચળ છે, સ્વાર્થી સ્વભાવ ધરાવે છે, બળવાન અને બળવાન છે. તેથી તેને રોકવુંએ હવાને રોકવા જેવું છે.

મન ક્યારેય સંતુષ્ટ થતું નથી કે એક ક્ષણ પણ મૌન રહેતું નથી. તે વંચિતતા અને દુઃખ તરફ વારંવાર ધ્યાન દોરતું રહે છે. થોડું ઓછું માન મળવાથી કોઈ પણ કારણ વગર અપમાનની લાગણી થાય છે. તે મન છે જે વ્યક્તિને માન અને અપમાનની જાણ કરે છે.

વિક્ષેપ બીજે ક્યાંયથી આવતો નથી, તે અંદરથી આવે છે, તેનો જન્મદાતા મન છે. જેણે પોતાના મનમાં નિપુણતા મેળવી છે તે ઋષિ છે.આ મનને સતત અભ્યાસ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. જે અંદર શાંત છે તેને બહાર પણ સર્વત્ર શાંતિ છે. સતત અભ્યાસ દ્વારા મનને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરો કારણ કે જે મન ગુમાવે છે તે બધું ગુમાવે છે.

ભગવાન શ્રીકૃષ્ણ એ બહુ પરીમાણીય વ્યક્તિત્વનો ભંડાર છે. એક બાજુ તેઓ વંશીધર છે અને બીજી બાજુ તેઓ ચક્રધાર છે, એક બાજુ તેઓ માખણ ચોર નારા છે અને બીજી બાજુ તેઓ બ્રહ્માંડને ખવડાવનારા છે.એક તરફ તે બનવારી છે અને બીજી બાજુ તે ગિરધારી છે,એક બાજુ તે રાધારમણ છે અને બીજીબાજુ તે રૂકમણીનું અપહરણ કરનાર છે.

ક્યારેક શાંતિના દૂત,ક્યારેક ક્રાંતિ ના દૂત,ક્યારેક માતા યશોદાના પુત્ર તો ક્યારેક માતા દેવકીના પુત્ર. ક્યારેક યુદ્ધના મેદાનમાંથી ભાગી જવાની ક્રિયા, તો ક્યારેક હજાર માથાવાળા નાગના માથા પર નાચવાનું. નિર્ભયતાથી જીવન જીવવાનું નામ કૃષ્ણ છે. ભગવાન શ્રી કૃષ્ણએ જીવનને સંપૂર્ણ રીતે સ્વીકારવાનો પાઠ શીખવ્યો.

શ્રી કૃષ્ણનું જીવન આપણને પરિસ્થિતિઓથી ભાગવાનું નહીં પરંતુ હિંમતભેર સામનો કરવાનું શીખવે છે. ભગવાન શ્રી કૃષ્ણ મહાન કર્મયોગી હતા,તેમણે અર્જુનને સમજાવ્યું કે હે અર્જુન! સંમત છું કે કામ થોડું દુઃખદાયક છે પણ કામ કર્યા વિના સુખ પ્રાપ્ત થઈ શકતું નથી.જો કોઈ ક્રિયાનો હેતુ શુદ્ધ અને શુભ હોય તો તે ક્રિયા સત્કર્મ બની જાય છે.

જ્યારે પણ જીવ પ્રસન્ન થાય છે. ત્યારે જ જન્મ-મરણનો નાશ થાય છે.



તમે સારા,ખરાબ,ઉમદા,દુષ્ટ, પાપી ,પુણ્યશાળી અથવા તમે ગમે તે હો,ફક્ત તે ભગવાન તરીકે જીવો જો તમે તમારી નબળાઈ ઓ વિશે વધુ પડતું વિચારશો, તો તમે એક હીનતા સંકુલ વિકસાવશો અને જો તમે તમારા સારા કાર્યો અને ગુણો વિશે વધુ પડતી વાત કરશો, તો તમારામાં અહંકારી લાગણીનો વિકાસ થશે.વાસ્તવિકતા એ છે કે જીવમાં કોઈ શક્તિ નથી.

જીવનમાં જે કંઈ પ્રાપ્ત થાય છે તે ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય છે.ગોવિંદની કૃપાથી જ વાસના, ક્રોધ અને કામુકતામાંથી મુક્ત થઈ શકે છે અને તેની કૃપાથી જ માયા પર વિજય પ્રાપ્ત થઈ શકે છે.જીવનમાં પ્રભુના ચરણો પ્રત્યેનો આપણો પ્રેમ સતત વધતો રહે,સંતોની વાતોમાં આપણો વિશ્વાસ વધે અને પ્રભુની કથાઓ પ્રત્યે આપણો પ્રેમ વધે તે માટે આપણે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ.તમે પ્રભુનો સામનો કરવામાં મોડું કરો છો,તો તેને જેમ બને તેમ પ્રભુ પર છોડી દો. ભગવાન બધું સંભાળશે.

એવા કામ ન કરો કે તમારે બીજા ની નજરથી પડવું પડે કારણ કે પહાડ પરથી પડ્યા પછી તમે ફરી ઊભા થઈ શકો છો પણ આંખો માંથી પડ્યા પછી ઊઠવું આસાન નથી.

જેમ મહેલ બનાવવામાં વર્ષો લાગે છે, પરંતુ તેને નષ્ટ કરવા માટે એક ક્ષણ પૂરતી છે.એ જ રીતે, ચારિત્ર્ય ઘડવામાં વર્ષો લાગે છે પણ પાત્રને ઘડવામાં માત્ર એક ક્ષણ લાગે છે.

દરેક કાર્ય કરતા પહેલા તેના પરિણામો વિશે વિચારવું એ બુદ્ધિ શાળી લોકોની નિશાની છે. અને કાર્યપૂર્ણ થયા પછી પરિણામ વિશે વિચારવું મૂર્ખતા છે.સમજી વિચારીને અને શાંત ચિત્તે લીધેલા નિર્ણયો.

સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે, પરંતુ જો સારા સ્વભાવની ઉણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી. ચહેરાની સુંદરતા પ્રકૃતિ પર નિર્ભર કરે છે પણ પ્રકૃતિની સુંદર તા તમારા વલણ પર આધારિત છે.જયારે ચહેરાની સુંદરતા માત્ર આંખોમાં પ્રતિબિંબિ ત થાય છે, ત્યારે પ્રકૃતિની સુંદરતા હૃદય સુધી પહોંચે છે.

માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર,શહેર,દેશ,મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ સ્વભાવ બદલી શકતો નથી. જીવનનું સત્ય એ છે કે માણસ પોતાના સ્વભાવથી સુખી કે દુઃખી થાય છે.

અને આજે છેલ્લે મને ગમેલી એક વાત અહી રજુ કરી લેખને વિરામ આપીએ ફરી આવતીકાલે મળીશું.

જાપાનમાં એક ગુજરાતી બિઝનેસમેન પોતાનો ધંધો કરે. સારી આવક અને મોટુ ઘર હતુ. તેના ત્યાં ભોજન તૈયાર અને બાકીનું કાર્ય કરવા માટે જાપાની નોકરાણી આવતી હતી.

થોડા દિવસ પછી જાપાની નોકરાણીએ ગુજરાતી બિઝનેસ મેનને કહ્યું સાહેબ આવતીકાલથી આ કાર્ય માટે કોઈ અન્યને શોધી લેશો,હું નહીં આવુ.

પેલાએ પુછ્યું શું સમસ્યા છે, પગાર ઓછો છે!?

ના પગાર ઓછો નથી પરંતુ તમે પ્લેટમાં ખુબ ભોજનનો બગાડ કરો છો.

પણ એમાં તારે શુ? મારા પૈસા છે, હું તેને ગમે તે રીતે વાપરું, તને શું વાંધો હોય.

હા સાહેબ પૈસા આપના જ છે પરંતુ અનાજ મારા દેશનું છે. આ રીતે તેનો બગાડ થતો હું નહીં જોઈ શકુ, હું નહીં કોઈ અન્ય પણ જોઈ નહી શકે.

સચ્ચિદાનંદ આ ઉદાહરણ આપી ને લખે છે જે દેશની પ્રજા આવુ વિચારી શકે તે દેશ જ મહાન થઈ શકે.

આપણે ત્યાં ભોજનનો બહુ બગાડ થાય છે. ભાવનગરની એક હોટેલમાં ગુજરાતી અનલિમિટિડ થાળીનું ભોજન લઈ રહ્યા હતા ત્યારે લોકલ લોકો થાળીમાં જરુર કરતાં વધારે પીરસવાનું કહેતા હતા.

બુફે સિસ્ટમ એટલા માટે આવી કે તમારે જેટલું ભોજન જમવુંહોય તેટલું લો. પરંતુ આપણે એટલુ બધુ ભોજન લઈએ છીએ કે તેનો બગાડ થાય છે. એનો અફસોસ પણ ચહેરા પર દેખાતો નથી. વાત ઓછું ભોજન લેવાની નથી, પરંતુ ભલે ત્રણવાર ભોજન લઈ આવો, પરંતુ બગાડ ના થાય તેનું ધ્યાન રાખીએ એમા માત્ર ભોજન દાતા જ નહીં પરંતુ રાષ્ટ્રનું હિત પણ સમાયેલું છે.સ્વામીસચ્ચિદાનંદજી

વાચક ચાહક મિત્રો, લગ્નસરાની મોસમ ધીમેધીમે જામી રહી છે. મહા કુંભમાં ભારે ભીડ ઉમટી છે ત્રીજું સ્નાન પૂરું થયું હવે વસંત પંચમીએ ચોથું શાહી સ્નાન થશે વાતાવરણમાં હળવી ઠંડીગરમીનો અનુભવ શરૂ થઈ ગયો છે. માવઠાની આગાહી છે ત્યારે સદા શિવ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

**ધાનેરા તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં ફરીથી સમાવેશ કરવાના મુદ્દે સ્થાનિક લોકોનો વિરોધ દિવસે-દિવસે વધી રહ્યો છે**

# 'ધાનેરાને બનાસકાંઠામાં રાખીને જ ઝંપીશું':જડીયાના હનુમાન મંદિરે બેનર સાથે લોકોનો રોષ, વિધાનસભા ઘેરાવની ચીમકી, ધાનેરા તાલુકામાં ૨૮ દિવસથી વિરોધ

(ગરવી તાકાત) પાલનપુર તા.૩૦

'ધાનેરાને બનાસકાંઠામાં રાખીને જ ઝંપીશું' ગઈકાલે ૨૯મી જાન્યુઆરીએ રાત્રે જડિયા ગામના ગ્રામજનોએ હનુમાન મંદિરે એકત્ર થઈને આરતી કરી હતી અને સરકાર પ્રજાની લાગણીઓને સમજે તેવી પ્રાર્થના કરી હતી. ધાનેરા તાલુકાના લોકો ગાંધીનગર જઈને વિધાનસભાનો ઘેરાવો કરશે એવી ચીમકી ઉચ્ચારી હતી. ધાનેરા તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં ફરીથી સમાવેશ કરવાના મુદ્દે સ્થાનિક લોકોનો વિરોધ દિવસે-દિવસે વધી રહ્યો છે.

છેલ્લા ૨૮ દિવસથી ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનમાં સ્થાનિક લોકોની માગણી છે કે તેમના તાલુકાને બનાસકાંઠા જિલ્લા સાથે જ રાખવામાં આવે. આ આંદોલન હવે ધીરે-ધીરે વધુ તીવ્ર બનતું જાય છે અને લોકોની લાગણીઓ પણ વધુ તીવ્ર બની રહી છે.

સ્થાનિક અગ્રણીઓએ ચેતવણી આપી છે કે, જો આગામી સમયમાં ધાનેરા તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ નહીં કરવામાં આવે તો જડિયા ગામ સહિત સમગ્ર ધાનેરા તાલુકાના લોકો ગાંધીનગર જઈને વિધાનસભાનો ઘેરાવો કરશે. જડિયા ગામના સ્થાનિક અગ્રણીઓએ દૃઢતાપૂર્વક જણાવ્યું છે કે તેઓ કોઈપણ સંજોગોમાં ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં રાખવા માટે અડગ છે અને આ માટે લડત ચાલુ રાખશે.

આ અંગે જડીયા ગામના સતીશ જાનીએ જણાવ્યું હતું કે, આજે ધાનેરા તાલુકા જડીયા ગામે બનાસકાંઠા જિલ્લામાંથી ધાનેરાને વિખુટું પાડી અને વાવ-થરાદ વિભાજનમાં મુકવામાં આવ્યું છે, જેના



વિરોધમાં જડીયા ગામના સર્વ સમાજે એકત્ર થઈ હનુમાન મહારાજના મંદિરે સર્વે સમાજે હનુમાન મહારાજના સાનિધ્યમાં પ્રાર્થના કરી અને સરકારને સદબુદ્ધિ મળે. સરકાર આ પ્રજાની લાગણીનો વિચાર કરે. સરકાર સુધી અમારો અવાજ પહોંચે, જે માટે સમસ્ત જડીયા ગ્રામજનોએ આ ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં પાછો સમાવેશ કરવા આવે, એ માટે સમસ્ત ગ્રામજનો ઉગ્ર રજૂઆત કરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, સાથે હનુમાનજી મહારાજને આરતીનો કાર્યક્રમ કરી અને વિનંતી પણ કરી કે હનુમાનજી મહારાજ આ બનાસકાંઠા જિલ્લામાં અમારું ધાનેરા વર્ષોથી હતું અને ધાનેરાને બનાસકાંઠા પાછો સમાવેશ કરે એવી સરકારને અમારી વિનંતી છે, એ સાથે આ ગ્રામજનોએ ચીમકી પણ આપી છે. જો સરકાર અમને બનાસકાંઠામાં સમાવેશ નહિ કરે અહીંયાથી જડીયા ગામ અને ગામે ગામેથી બધા ભેગા થઈ ગાંધીનગર આવીશું, વિધાનસભાનો ઘેરાવો કરવો પડે તો કરીશું, પણ અમે ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં જ રાખીને જ ઝંપીશું. અમારી સૌની વિનંતી સાથે આજ અમારી રજૂઆત છે.

બીજી તરફ ધાનેરા તાલુકાના લોકો નવા જિલ્લામાં સમાવેશ રાખવા માટે પ્રાંત અધિકારીને રજૂઆત કરવા પહોંચ્યા છે, જેમાં તેમનું કહેવું છે કે સરકાર દ્વારા જે થરાદ વાવ જિલ્લો નવો બનાવવામાં આવ્યો છે, જેમાં ધાનેરા તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના સમર્થનમાં ધાનેરા તાલુકાના વિવિધ સંગઠનો સહકારી મંડળીઓ ખેડૂત આગેવાનો વેપારીઓ સામાજિક આગેવાનો ભેગા મળીને સમર્થન આપવામાં આવ્યું છે અને કહ્યું છે કે અમારો જે તાલુકો છે જે થરાદ વાવ સમાવેશ કર્યો તે યોગ્ય છે, પરંતુ અહીંયા બહારના લોકો જે આંદોલન કરી રહ્યા છે.

જે કલેક્ટર કચેરીમાં બેઠક થઈ એનાથી અમને અજાણ રાખવામાં આવ્યા છે, જેથી અમને એવું લાગી રહ્યું છે, કઈક રાજકીય ષડયંત્ર છે, જે ષડયંત્ર પર્દાફાસ કરવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. હવે અમે થરાદ વાવ જિલ્લામાં ખુશ છીએ. એને જો એમ કરવામાં નહિ આવે તો આગામી દિવસોમાં ગામડાઓ બંદ કરવામાં આવશે જેની સરકાર નોંધ લે.

**પ્રયાગ રાજ ખાતે મહામંડલેશ્વરની પદવી એનાયત કરવામાં આવી હતી**

# પાલનપુરના મહંત પ.પૂ.સ્વામીશ્રી રાજેન્દ્રા નંદગિરીજી મહારાજને મહામંડલેશ્વરની પદવી એનાયત કરાઇ

(ગરવી તાકાત) કાંકરેજ તા.૩૦

પાલનપુરની તપોભૂમિ આનંદધામ ના સ્થાપક અને પાટણ સ્થિત વિજય હનુમાન સન્યાસ આશ્રમના મહંત પ. પૂ. શ્રી સ્વામી રાજેન્દ્રાનંદ ગિરીજી મહારાજ ગુરુશ્રી મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. શ્રી કલ્યાણાનંદગીરીજીને પ્રયાગ રાજ ખાતે મહામંડલેશ્વર ની પદવી એનાયત કરવામાં આવી હતી.



અખિલ ભારતીય સંત સમિતી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ તરીકે કાર્યરત પાલનપુર આનંદધામ નાં પ. પૂ શ્રી સ્વામી રાજેન્દ્રાનંદ ગીરીજી ને તા.૨૭ જાન્યુઆરી ના રોજ શ્રી શંભૂ પંચદશનામ આહવાન અખાડા દ્વારા પ્રયાગરાજ કુંભમેળા માં પીઢાધિશ્વર શ્રી શ્રી ૧૦૦૮ અરૂણ અવધૂત ગીરિજી મહારાજની અધ્યક્ષતામાં ધાર્મિક વિધિ વિધાન અને શાસ્ત્રોક્ત મંત્રોચાર સાથે મહામંડળેશ્વર ની પદવી એનાયત કરવામાં આવેલ.

મહામંડલેશ્વર ની પદવી ગ્રહણ કર્યા બાદ પૂ. સ્વામીજી એ ઉપસ્થિત ધર્મપ્રેમીઓને આશીર્વચન પાઠવતા જણાવેલ કે, સનાતન ધર્મ અને સંસ્કૃતિ ના રક્ષણ સાથે આપણે પરિવાર પ્રથાને મજબૂત કરવી પડશે. આ માટે આવનાર સમયમાં વિવિધ સ્થળો એ બાળ સંસ્કાર,યુવા સંસ્કાર, મહિલા સંસ્કાર માટે વિવિધ શિબિરો નું આયોજન કરવામાં આવશે. પૂ સ્વામીજી એ વધુમાં જણાવ્યું હતુ કે, સનાતન વૈદિક ધર્મના રક્ષણ, જતન અને પ્રચાર- પ્રસાર માટે તથા ભારત માતાને પરમ વૈભવ ના શિખરે બિરાજમાન કરવાના વિવિધ કાર્યો કરવા માં આવશે.

પ. પૂ.મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી રાજેન્દ્રાનંદ ગિરિજી મહારાજે જણાવેલ કે,હું સાધુ કે સંત ન હતો ત્યારે પણ સનાતન ધર્મની રક્ષા માટે તેના જતન માટે કાર્ય કરતો હતો. અલૌકિક શક્તિઓ ના સંયોગ થી મને હવે જયારે મહામંડલેશ્વર ની જવાબદારી અપાઈ છે ત્યારે ધર્મ રક્ષાના મારા સંકલ્પ માં હું આગળ વધીશ અને હિન્દુત્વની ભાવના દઢ બને, હિન્દુ ધર્મ,સમાજના ઉત્થાન અને સનાતનની સેવા માટે વધુ પુરુષાર્થ કરીશ.

બી. એ. એલ.એલ.બી.નો ઉચ અભ્યાસ ધરાવતા મહામંડલેશ્વર પ. પૂ. મહંત શ્રી રાજેન્દ્રાનંદ ગિરીજી મહારાજ માને છે કે, કાયદા કાનૂનનાં નિયમોથી વધુ ધર્મના નિયમો જીવનમાં ઉપયોગી છે તેનાથી માનવીય અને સામાજિક મૂલ્યોનું ઘડતર થાય છે. સરળ અને સૌમ્ય સ્વભાવની સાથે સત્ય અને સ્પસ્ટ વક્તા તરીકે પ.પૂ.શ્રી રાજેન્દ્રાનંદગિરી મહારાજ જાણીતા છે. તેમના સાનિધ્ય માં પાટણ અને પાલનપુર ખાતે ચાલતા આશ્રમોમાં અનેક ધાર્મિક કાર્યો,સામાજિક, સેવાકીય શિબિરો, ભૂખ્યાને ભોજન સાથે સેવા ના કાર્યો થાય છે. મહામંડલેશ્વર પ.પૂ.શ્રી રાજેન્દ્રાનંદ ગિરીજી મહારાજ પત્રકારત્વ અને રાજકારણ માં વિશેષ રૂચિ ધરાવવા સાથે રાષ્ટ્ર,ધર્મ અને પર્યાવરણ ની રક્ષા તેમજ માનવીય મૂલ્યો નાં જતન માટે માર્ગદર્શન આપતા હોય છે.

**યોગસેવક શીશપાલજીની અધ્યક્ષતામાં સરદાર પટેલ સ્ટેડિયમ મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, વણીકર કબલની બાજુમા, મહેસાણા ખાતે યોગ શિબિર યોજાઈ**

# યોગ શિબિરમાં યોગી સાધકોએ મેદસ્વિતા,ડાયાબિટીસ અને તણાવ માંથી મુક્ત થઈ જીવન જીવવા માટે યોગ કરવાના સંકલ્પ લીધા

(ગરવી તાકાત) મહેસણા તા.૩૦

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને પતંજલિ યોગ સમિતિ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેનશ્રી યોગસેવક શિશપાલજીની અધ્યક્ષતામાં સમગ્ર મહેસાણા જિલ્લાને યોગમય બનાવવા માટે શિતકાલીન યોગ શિબિર અને ગણતંત્ર દિવસ પર યોગ શિબિરનું આયોજન સરદાર પટેલ સ્ટેડિયમ મહેસાણા ખાતે કરવામાં આવ્યું હતુ.



આ યોગ શિબિરને સફળ બનાવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સ્ટેટ કોર્ડીનેટર શ્રી અનિલભાઈ ત્રિવેદી અને ઝોન કોર્ડીનેટર શ્રી અજીતભાઈ પટેલની રાહબરીમાં જિલ્લા કોર્ડીનેટર ગૌતમભાઈ પ્રજાપતિ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ, કોર કમિટી, તમામ કક્ષા સંચાલક, કાર્યકર્તા તથા પતંજલિ યોગ સમિતિની ટીમ દ્વારા માઈક્રો પ્લાનિંગ કરવામાં આવેલ . સવાર અને સાંજની બંને દિવસની શિબિરોમાં મહેસાણા જિલ્લાના બંને દિવસે બે બે હજારથી વધારે યોગી સાધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને મેદસ્વિતા,ડાયાબિટીસ અને તણાવ માંથી મુક્ત થઈ જીવન જીવવા માટે યોગ કરવાના સંકલ્પ લીધા હતા.

આ કાર્યક્રમમાં લોકસભા સાંસદશ્રી શ્રીહરિભાઈ પટેલ, ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા અગ્રણીશ્રી ચંદ્રકાંતભાઈ પટેલ, કિરણસિંહ રાણા,શ્રી ઈશ્વરભાઈ ચૌધરી જિલ્લા પ્રભારી પતંજલિ યોગ સમિતિ, જે પી પટેલ પતંજલિ યોગ સમિતિ,ચિરાગભાઈ રાવલ સરદાર પટેલ સ્ટેડિયમ, મીનાબેન પટેલ સમર્પણ ધ્યાન ઉપસ્થિત રહ્યા હતા એમ ઝોન કોર્ડીનેટર અજીતભાઈ, જિલ્લા કોર્ડીનેટર ગૌતમભાઈએ અખબારી યાદીમાં જણાવેલ છે.

## બનાસકાંઠા જિલ્લાનું વિભાજનઃનવા જિલ્લાની રચના અંગે લોકો ૨ ફેબ્રુઆરી સુધી પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી શકશે

ગુજરાત સરકારે બનાસકાંઠા જિલ્લાના વિભાજન અંગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારે નવા વાવ-થરાદ જિલ્લાની જાહેરાત કરી છે, જેનું મુખ્યમથક થરાદ ખાતે રહેશે. નવા જિલ્લામાં કુલ ૮ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં થરાદ, વાવ, સુઈગામ, ધાનેરા, લાખણી, દિયોદર, કાંકરેજ અને ભાભર તાલુકાનો સમાવેશ થાય છે.

વિભાજન બાદ મૂળ બનાસકાંઠા જિલ્લાનું મુખ્યમથક પાલનપુર રહેશે અને તેમાં ૬ તાલુકા - પાલનપુર, વડગામ, દાંતા, દાંતીવાડા, અમીરગઢ અને ડીસાનો સમાવેશ થશે.બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલે જાહેર કર્યું છે કે આ નવા જિલ્લાની રચના અંગે કોઈપણ નાગરિક પોતાની રજૂઆત કરવા ઈચ્છતા હોય તો તેઓ આગામી ૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ રવિવાર સાંજે ૬:૧૦ વાગ્યા સુધી સંબંધિત નાયબ કલેકટર (પ્રાંત અધિકારી)ને લેખિત સ્વરૂપમાં મોકલી શકે છે. આ નિર્ણય જિલ્લાના વિકાસ અને વહીવટી સરળતા માટે લેવામાં આવ્યો છે.

**દિયોદરને જિલ્લા મથક બનાવવા માગ કરાઈ**

# મામલતદારને આવેદન આપ્યું, નવા વાવ-થરાદ જિલ્લામાં ભાભર સહિત ૮ તાલુકા

(ગરવી તાકાત) દિયોદર તા.૩૦

બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ વાવ-થરાદ નવા જિલ્લાની રચનાને લઈને વિરોધનો દાવાનળ વધુ પ્રસર્યો છે. રાજ્ય સરકારે ૧લી જાન્યુઆરીથી અમલી બનેલા આ નવા જિલ્લામાં કુલ ૮ તાલુકાઓનો સમાવેશ કર્યો છે, જેમાં ધાનેરા, કાંકરેજ અને દિયોદર તાલુકાના સમાવેશને લઈને છેલ્લા ૨૮ દિવસથી સ્થાનિક સ્તરે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે.



હવે આ વિરોધમાં ભાભર તાલુકો પણ જોડાયો છે. આજે ભાભર તાલુકાના લોકોએ વિશાળ રેલી યોજી હતી, જે ભાભરની બજારમાંથી નીકળી મામલતદાર કચેરી સુધી પહોંચી હતી. સ્થાનિક લોકોની માગણી છે કે દિયોદરને જિલ્લા મથક બનાવીને નવા જિલ્લાનું નામ 'ઓગડ જિલ્લો' રાખવામાં આવે અને તેમાં ભાભર તાલુકાનો સમાવેશ કરવામાં આવે.

ભૌગોલિક રીતે રાજ્યના સૌથી મોટા બનાસકાંઠા જિલ્લાના વિભાજનથી શરૂ થયેલો આ વિવાદ હવે નવા સ્વરૂપે સામે આવ્યો છે. ધાનેરા, કાંકરેજ અને દિયોદર તાલુકાનો વિરોધ હજુ શમ્યો નથી ત્યાં ભાભર તાલુકાના લોકોએ પણ પોતાની માગણીઓ સાથે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. લોકોએ મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરી પોતાની માગણીઓ રજૂ કરી છે.

# મહેસાણા જિલ્લા ક્ષય કેન્દ્રથી ટેબ્લોને જિલ્લા ક્ષય અધિકારી તથા ટીમ દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

"રાષ્ટ્રીય રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમ" અંતર્ગત ૩૦મી જાન્યુઆરી – મહાત્મા ગાંધી નિર્વાણ દિવસ નિમિત્તે એન્ટી લેપ્રસી દિવસ અંતર્ગત આજથી મહેસાણા જિલ્લા ખાતે ૩૦મી જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમ્યાન "સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન" નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૫ નું સુત્ર છે "ચાલો સૌ સાથે મળી જાગૃત્તિ લાવીએ, ગેરમાન્યતાઓ દૂર કરીએ અને ખાતરી કરીએ કે રકતપિત્તથી પ્રભાવિત કોઈપણ વ્યકિત છૂટી ન જાય".



આ ઝુંબેશ અંતર્ગત આજરોજ જિલ્લા ક્ષય કેન્દ્ર, મહેસાણાથી ટેબ્લોને જિલ્લા ક્ષય અધિકારી તથા ટીમ દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ ટેલ્બો દ્વારા મહેસાણા શહેરી તથા સ્લમ વિસ્તારમાં આજરોજ જનજાગૃત્તિ અંગે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમ્યાન ગત વર્ષ નીકળેલ રકતપિત્તના કેસોના ગામોમાં મહેસાણા, કડી, વડનગર, ખેરાલુ,સતલાસણા અને વિજાપુર તાલુકામાં સમુદાયમાં બહોળી જાગૃત્તિ પ્રસરે તે સારૂ ભવાઈ શોના કાર્યક્રમ તેમજ સ્કુલો તથા પ્રા.આ.કેન્દ્રો ખાતે આઈ.ઈ.સી. એકટીવીટી કરવામાં આવનાર છે એમ જિલ્લા ક્ષય અધિકારીશ્રી પરમારે જણાવેલ છે.

કલેકટરશ્રી એમ.નાગરાજન દ્વારા લોકોમાં જાગૃત્તિ અર્થે રકતપિત્ત નાબૂદી અંગેનો સંદેશ આપતા જણાવાયુ છે કે , "આપણા જીલ્લાને રકતપિત્તથી મુકત કરવા માટે કોઈ કસર છોડીશું નહીં. રક્તપિત્ત રોગને ઓળખવો સરળ છે તેમજ તેની સારવાર નિઃશુલ્ક ઉપલબ્ધ છે. આપણે શક્ય તેટલી વહેલી તકે રક્તપિત્તના નવા દર્દી શોધાય તેવા ઘનિષ્ઠ પ્રયત્નો કરીશું. રક્તપિત્તના નવા દર્દીઓને શોધવાની કામગીરી માટે જીલ્લામાં તમામ ઉપલબ્ધ સંભવિત સંશાધનોનો ઉપયોગ કરીશું અને તેમને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે કાર્ય કરીશું.

આ કામગીરી દરમ્યાન આપણે રકતપિત્તથી પ્રભાવિત વ્યક્તિઓ સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ કરીશું નહીં. આપણે વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે રક્તપિત્ત અસરગ્રસ્ત વ્યક્તિઓ સામે ધૃણા કે ભેદભાવને દૂર કરવા અને રક્તપિત્ત નાબૂદી માટે યોગદાન આપવા પૂજય બાપુએ કરેલ રક્તપિત્ત દર્દીઓની સેવા અને કામગીરી મુજબ પૂજય બાપુની શ્રધ્ધા અને માન્યતા પર કામ કરીશું. "ચાલો સૌ સાથે મળીને જનજાગ્રુતિ લાવીએ, ગેરમાન્યતાઓ દૂર કરીએ અને નોતરી કરીએ કે રકતપિત્તથી પ્રભાવિત કોઈ પણ વ્યક્તિ છૂટી ન જાય.

# સંક્ષિપ્ત સમાચાર

## જિલ્લા કક્ષાની વાર્તા સ્પર્ધા યોજાઇ



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

આજ રોજ તા. ૩૦/૦૧/૨૦૨૫ ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજીત જિલ્લા કક્ષાની વાર્તા સ્પર્ધા બી. આર. સી. ભવન, વિસનગર ખાતે યોજવામાં આવી. જેમાં કુલ ૩૬ બાળકો એ ભાગ લીધો હતો.જેમાં ડાયટ પ્રાચાર્ય શ્રી વી. ડી. અડિયોલ સાહેબ તેમજ ડાયટ લેક્ચરર શ્રી ડૉ. દિપ્તીબેન ત્રિવેદી ની વિશેષ ઉપસ્થિતિ માં તેમજ બી. આર. સી. કો. ઓ., વિસનગર શ્રી મેહુલભાઈ ચૌધરીના નેજા હેઠળ ખૂબ જ સુંદર આયોજન માં આ વાર્તા સ્પર્ધા યોજવામાં આવી હતી.

## યુવક સાથે રૂ.૩.૬૦ લાખની ઠગાઈમાં લૂંટેરી દુલ્હન સહિત ૮ શખ્સો પકડાયા



(ગરવી તાકાત) પાટણ તા.૩૦

પાટણના યુવક સાથે લગ્ન કરાવી કન્યાને ૨૦ દિવસમાં પરત લઈ જઈને રૂ.૩,૬૦ લાખની ઠગાઈ કરનાર લૂંટેરી દુલ્હન સહિત ૮ શખ્સો ઝડપી પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતા. યુવાન સાથે રૂ.૩,૬૦ લાખની ઠગાઈ આચરનાર લૂંટેરી દુલ્હન સહિત ૩ શખ્સોને એક દિવસના રિમાન્ડ મુક્યા હતા.બાકીના ૫ને કસ્ટડીમાં મોકલ્યા હતા.

કેયુર દિનેશભાઈ (ઉ.વ.૩૫)ને કન્યા બતાવીને તેની સાથે લગ્ન કરાવ્યા બાદ ૨૦ દિવસમાં જ તેના વતન ઉજ્જૈન (મધ્યપ્રદેશ) ખાતે જતી રહીને તેમની સાથે રૂ.૩.૬૦ લાખની છેતરપિંડી કરનાર દુલ્હન તેની સાથેની ટોળકીનાં ૮ શખ્સોની પાટણ બી ડીવીઝન પોલીસે ધરપકડ કરી હતી. તેઓને તા. ૨૮-૦૧-૨૦૨૫ ના રોજ પાટણની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કર્યા હતા. પોલીસે આઠમાંથી ત્રણ આરોપીઓ કે જેમાં લૂંટેરી દુલ્હન નેહા ઉર્ફે સપના મોહનલાલ સેવારામ ભાટીયા,સુનિતાબેન મોહનલાલ ભાટીયા, સાગર ઉર્ફે બંટી મોહનલાલ ભાટિયાના રિમાન્ડ માંગ્યા હતા.

**ઊંઝા વેપારી મંડળમાં નવી ટીમની નિમણૂક**

## કનુભાઇ પટેલ પ્રમુખ, હર્ષદભાઈ મોદી ઉપપ્રમુખ સહિત અન્ય હોદ્દેદારોની સર્વાનુમતે વરણી



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

ઊંઝા શહેરના વિસનગર રોડ પર આવેલ શ્રી ઊંઝા વેપારી મંડળની કારોબારી બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. બેઠકમાં સંસ્થાના નવા હોદ્દેદારોની સર્વસંમતિથી વરણી કરવામાં આવી હતી. આ નવી ટીમમાં પ્રમુખ તરીકે કનુભાઇ પી પટેલ, ઉપપ્રમુખ પદે હર્ષદભાઈ એસ મોદી, મંત્રી તરીકે જયકુમાર વિ પટેલ અને સહમંત્રી તરીકે કિરણકુમાર આર પટેલની નિમણૂક કરવામાં આવી છે.વેપારી સમાજના અગ્રણીઓએ નવનિયુક્ત ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી અને આશા વ્યક્ત કરી હતી કે નવી ટીમ સંસ્થાની પરંપરાઓને જાળવી રાખશે અને વેપારીઓના હિતોનું રક્ષણ કરશે. વેપારી મંડળની નવી ટીમ સંસ્થાના વિકાસ માટે કટિબદ્ધ છે અને વેપાર-ધંધાને લગતા પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનું નિરાકરણ લાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ખાંભેલમાં વરસાદી પાણીની પાઇપલાઇન પથરેખામાં નાખવાની ખેડૂતોએ ના પાડી

બહુચરાજીના ખાંભેલ ગામે વરસાદી પાણીના નિકાલ માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત નાખવાની પાઈપલાઈનમાં સિંચાઈ વિભાગ દ્વારા અગાઉ નક્કી કરાયેલા પથરેખામાં ખેડૂતોએ સંમતી નહીં આપતાં હવે આરસીસી રોડને તોડી તેની નીચેથી પાઈપલાઈન નાખવાનું આયોજન ધરોઈ વિભાગ દ્વારા કરાયું છે. ઉલ્લેખનીય છે કે, ૫૦૦ થી ૭૦૦ મીટરનો આ રોડ તોડ્યા પછી ધરોઈના તંત્રને ફરીથી નવેસરથી બનાવી આપવો પડશે.ખાંભેલ ગામે ધરોઈ વિભાગ દ્વારા વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈન નાખવા માટે પહેલા પથરેખા નક્કી કરાઈ હતી. તેમાં ખેડૂતોના ખેતર અને વરંડા નીચેથી પસાર થતી હોવાથી તમામ ખેડૂતોએ મનાઈ ફરમાવી ના પાડી હતી. જેને લઈ તંત્ર અને ગામના આગેવાનો દ્વારા બીજી વૈકલ્પિક પથરેખા નક્કી કરવામાં આવી છે.

Volume : 10 Issue : 299 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002